

~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

# અનુપમની હે અમૃતધારા...!

ગુરુપૂર્ણિમાના મંગલકારી પર્વે આશીર્દાન
૧૦ જુલાઈ ૨૦૨૫, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી

**પ્રગટ** ગુરુહરિ સાહેબદાદાની ઉપસ્થિતિમાં આજનો ગુરુપૂર્ણિમાનો શુભ ઉત્સવ એ આપણા સૌનાંય પરમ સદ્‌ભાગ્ય અને જીવનસ્મૃતિનો દિવસ ! તેઓનાં આશીર્વાદ અને કૃપા આપણા સૌ ઉપર સદાય વરસતાં રહે તેવી પ્રાર્થના !

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સેવકોને પણ, 'ગુરુ !' એમ સંબોધન કરીને બોલાવતા. હું એનું અર્થઘટન એવું કરું છું કે, જેમના જીવનમાંથી આપણે ગુણ લઈએ તેઓ આપણા ગુરુ છે. કારણ કે, આપણા કરતાં કંઈક વિશિષ્ટ આધ્યાત્મિક સમજણ સાથે તેઓ જીવી રહ્યા છે તેથી તેઓ આપણા માટે આદર્શરૂપ છે, ગુરુરૂપ છે. અને એટલે જ 'ભાગવત'માં ગુરુ દત્તાત્રેયે ચોવીસ ગુરુ કર્યાની વાત આવે છે. દત્તાત્રેય પ્રભુના અવતાર હતા. એમણે આ સંસારનાં જીવ-પ્રાણીમાત્રમાંથી એક એક ગુણ લઈને એમને ગુરુ માન્યા હતા.

ગુરુહરિ સાહેબદાદાએ સત્સંગી ભક્ત-અનુયાયીઓને એક શિષ્ય તરીકે તેઓનાં જીવન-આચરણ અને વર્તનમાં સત્સંગ કેવી રીતે હોવો જોઈએ એનું સવારની પ્રાતઃપૂજાથી શરૂ કરીને રાત્રે પ્રાયશ્ચિત્તભરી પ્રાર્થના કરવા સુધીનું સુંદર ટાઈમટેબલ ગોઠવી આપ્યું છે. એની સતત સ્મૃતિ રાખીએ ને એ પ્રમાણે આપણા રોજિંદા જીવનમાં જીવવા માટે, એને આચરણમાં લાવવાનો પ્રયત્ન કરીએ એ ગુરુદર્શન છે, એ ગુરુપૂજન છે !

બહુ મહત્ત્વની ને અગત્યની એક બાબત કે, ગુરુ એ મનુષ્યરૂપમાં વિચરતું ભગવાનનું સ્વરૂપ છે તેમ મનાવું એ બહુ અઘરી બાબત છે. જેને આપણે સત્સંગની ભાષામાં કહીએ કે, 'કાળજું તૂટવા' જેવી બાબત છે. મનુષ્યરૂપમાં મનુષ્ય શરીરની મર્યાદામાં વિચરતું ભગવાનનું સ્વરૂપ એટલે આપણને મળ્યા છે તે ગુરુ છે એમ માનવું એ બહુ અઘરી બાબત છે. એટલે આપણે 'તમારા સ્વરૂપને વિશે અમને મનુષ્યભાવ ન આવે એવી અમારી સવળી મતિ ને ગતિ કરો' એવી શ્રી ગુરુચરણે વારે વારે પ્રાર્થના કરીએ છીએ.

વધારે નહીં તો ગુરુહરિ સાહેબદાદાએ આપણને ચાતુર્માસ દરમિયાન સત્સંગી તરીકેની આચાર સંહિતાના જે નિયમો આપ્યા છે, એમાંથી આપણી શરીરની અવસ્થા, સાંસારિક વ્યવસ્થાની મર્યાદાને સમજી-વિચારીને થોડુંક પણ જો એને આચરણમાં મૂકવાનો આપણે પ્રયત્ન કરીશું તો ગુરુકૃપાથી પ્રભુ આપણને અનંતગણું બળ આપવાના છે અને એના રૂડા સુખદ અનુભવ આપણને આપણા જીવનમાં થતા રહેવાના છે.

ગુરુનું શરણું લીધું, વર્તમાન ધરાવ્યા, એટલે સ્વાભાવિક છે કે, પંચ વર્તમાન અને અગિયાર નિયમની મર્યાદામાં મારું જીવન બને તો હું સાચો શિષ્ય-અનુયાયી બન્યો કહેવાઉં. અને મારો આશરો દૃઢ બને એ માટે સંતસમાગમ, સત્શાસ્ત્રોનો સમાગમ-સત્શાસ્ત્રોનું નિત્ય વાંચન, પઠન અને શ્રવણ કરવાનો સ્વાધ્યાય વિશેષ કરીને આ ચાતુર્માસ દરમિયાન કરવાની આપણને આજ્ઞા કરી છે. આપણા સૌનાંય આધ્યાત્મિક ઉત્થાન માટે એક બહુ મર્મભરી વાત ગુરુહરિ સાહેબદાદાએ આપણી સમક્ષ મૂકી છે. આપણી સાથે રહેનારા, આશ્રમ જીવનમાં આપણી સાથે આપણા

સાથીદારો, પરિવાર જીવનમાં આપણા પરિવારના સભ્યો, વ્યવસાયના સ્થાનમાં જેમની સાથે આપણે સંબંધમાં આવીએ ને સંપર્ક કરીએ તે સર્વમાં સાહેબદાદાએ પોતાનાં મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારમાં નિર્દોષભાવ ને દિવ્યભાવ સ્થાપિત કરવાનો બહુ અઘરો સ્વાધ્યાય આપ્યો છે. પણ એના દ્વારા પ્રભુ જ કર્તાહર્તા છે એ ભાવ ઉપર આપણે તેમની કૃપાથી અવશ્ય પહોંચવાના છીએ.

આપણે વ્યક્તિ જોઈએ છીએ, વ્યક્તિનો સ્વભાવ, વ્યક્તિની પ્રકૃતિ, વ્યક્તિની આકૃતિ જોઈએ છીએ. એના દ્વારા આપણી હાનિ કે વૃદ્ધિનાં આપણે કેલ્ક્યુલેશન કરીએ છીએ. પણ એ બધાના પ્રેરક, પ્રવર્તક અને નિયંતા મારા પ્રભુ છે અને મારા ગુરુ દ્વારા તેઓ જ મારી સાથેનાં પાત્રોને વાપરી રહ્યા છે; આવો કર્તા-હર્તાપણાનો ભાવ એ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો પાયો છે. પ્રભુ તો મને એવા ગુણાતીત સંત-પ્રગટ ગુરુ દ્વારા મળ્યા જ છે, પણ હવે મારા જીવનમાં જે કંઈ પણ થઈ રહ્યું છે, કરી-કરાવી રહ્યા છે તે મારા ગુરુના સંકલ્પથી પ્રભુ જ કરાવી રહ્યા છે. કારણ કે, તેઓ આપણું આધ્યાત્મિક ઉત્થાન ઇચ્છે છે.

અમને સંતોને ગુરુહરિ સાહેબદાદાએ સુંદર સ્વાધ્યાય આપ્યો છે. જે મકાનમાં અમે રહીએ છીએ એ મકાનના એક-એક ઓરડામાં નિવાસ કરતા જે સંત, તેઓની સ્મૃતિ કરીને તેઓ નિર્દોષ છે અને દિવ્ય છે. એમની દિવ્યતાનો સુખદ અનુભવ મારા જીવનમાં, તેઓ મારી સાથે જ્યારે સંપર્કમાં છે, સંબંધમાં છે એટલે કે હયાત છે ત્યારે મારે આ વાતને દૃઢ કરી લેવી છે. કારણ કે, શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસના એ સદા દિવ્ય, સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષની ઉપાસના છે. પૂર્વે થઈ ગયા તે નહીં, પણ હાજર વર્તમાનકાળે મને જે મળ્યા છે, અને જેમના સંબંધ-સંપર્કમાં હું છું એમના દ્વારા પ્રભુ મને નિત નવું કાંઈક દર્શન કરાવી રહ્યા છે. આપણા તંત્રને દિવ્યભાવમાં રાખવા માટેનો પ્રાથમિક સ્વાધ્યાય આપણે સવારથી ઊઠ્યા ત્યારથી જો શરૂ કર્યો હોય તો પ્રભુ અનેક સ્વરૂપે, અનંત રીતે આપણને ક્ષણે-ક્ષણે અને પળે-પળે એમની અદ્‌ભુત દિવ્યતાનાં દર્શન કરાવતા જાય છે અને પ્રેમપૂર્વક શ્રી ગુરુના માધ્યમ દ્વારા આપણે પ્રભુની ભક્તિ કરતા રહીએ એની સતત આપણને પ્રેરણા કરતા હોય છે. સંપ, સુહૃદભાવ ને એકતા, સુસંવાદિતા ને સુમેળતા એ જબરું બળ છે. અને એ ત્યારે થાય જ્યારે આપણને સંબંધવાળા મુક્તો સાથે સંબંધના માહાત્મ્યની પ્રધાનતા થાય ને ત્યારે એમની સાથે સહજભાવથી સહૃદયતા થતી જાય છે.

આવો સુંદર સ્વાધ્યાય આપણે ગુરુપૂર્ણિમાના પવિત્ર પર્વથી શરૂ કરવાનો રૂડો સંકલ્પ કરીએ છીએ. આપણી સમજણ, આપણી ભક્તિ, આપણી ભાવના પ્રમાણે આપણે ગુરુનાં પૂજન તો કરીશું, પણ સાથે સાથે આપણા હૃદયમાં આ ભાવના ધરીશું કે, આપના સ્વરૂપને વિશે અમારી દિવ્યતા વધતી જાય, મનુષ્યભાવ અમારો ઘટતો જાય અને આપના સંબંધવાળા જે ભક્તો છે, જે મુક્તો છે, જે સંતો છે, જે અમારા સાથીદારો છે ને જે અમારા પરિવારના સદસ્યો છે તેમને વિશે પણ અમને તમારા સંબંધનો ભાવ વિશેષપણે કરીને દૃઢ થતો જાય તેવી મંગલકૃપા આપ વરસાવો એવી અમે આપની પાસે એક શિષ્ય તરીકે, એક સેવક તરીકે પ્રાર્થના કરીએ છીએ.

આપણને ગુરુપરંપરા અને શિષ્યના પરમભાવની વાત ભગતજી મહારાજથી માંડીને બ્રહ્મસ્વરૂપ સાહેબજી મહારાજ સુધીનાં દૃષ્ટાંતો દ્વારા શિખવા, સમજવા ને સમજાવવામાં આવી છે. એ વાતની સ્મૃતિ સાથે આપણા ખાનદાનને, આપણા ગૌરવને અને એની ધન્યતાને હંમેશાં હૃદયને વિશે ધારીને, એ ધન્યતાના ભાવથી આજની ઘડીએ મને જે કંઈ પણ પ્રાપ્ત થયું છે એનો લાભ હું મારા જીવન-આચરણ દ્વારા પ્રાપ્ત કરી શકું એવી સતત જાગ્રતતા રાખીને, આપણાથી થાય એટલો થોડોક પ્રયત્ન કરીએ. તો વડીલો ને સંતોએ આશીર્વાદ આપ્યા છે એ પ્રમાણે આપણે જો એક ડગલું ચાલીશું તો પ્રભુ સામેથી બાકીનાં ૯૯ ડગલાં ચાલીને આવશે - જેને આપણે ગુરુકૃપા કહીએ છીએ.

કોઈ સાધને કરીને આપણે કશું પણ પ્રાપ્ત કરી શકવાના નથી. પણ એમની પ્રસન્નતા જેમાં છે, જેમની વાત આપણે વર્ષોથી સાંભળી છે એ વાત ખરેખર સમજીને સ્વીકારી હોય તો એ પ્રમાણે જીવવાનો આજે આપણે એક શિષ્ય તરીકે, એક સેવક તરીકે રૂડો સંકલ્પ કરીએ કે, આપણા સૌનુંય જીવન દિન-પ્રતિદિન વધુ ને વધુ ગુરુમુખી બનતું જાય. ગુરુમુખી જીવન એટલે બે હાથ જોડવા અને તેઓ કહે તેમ કરવું-એ ગુરુમુખી જીવનના સ્વાધ્યાયનો પાયો છે. ગુરુનાં વચન, એમની આજ્ઞાનું પાલન અને એના પરિણામે આપણા ઉપર થતી ગુરુની પ્રસન્નતા આપણને પ્રભુના સુખે સુખિયા કરે છે.

ગુરુહરિ સાહેબદાદાને આપણે આઠેય પહોર સહજાનંદમાં રહેતા જોયા, જાણ્યા ને અનુભવ્યા છે, તો એમના સેવક તરીકે આપણે સૌ પણ આનંદ અને ગૌરવપૂર્વક ભગવાનની ભક્તિથી ભર્યા ભર્યા રહીએ એવી કૃપા વરસાવે તેવી શ્રી ગુરુચરણે શ્રી પ્રભુચરણે મંગલ પ્રાર્થના !

સર્વને ફરીથી ભાવભર્યાં જય શ્રી સ્વામિનારાયણ ! ◆